**ક્રિમીનલ કેસ નં.૪૪૫૨/૨૦૧૨**

**આંક–૧ લગત હુકમઃ–**

આજરોજ ફરિયાદી હાજર છે. સદર કામે આંક–૪૧ થી પુરશીષ રજુ કરી જણાવેલ છે કે, ફરિયાદીને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને ફરિયાદીને તેમનું વાહન પરત મળી ગયેલ હોઈ, ફરિયાદી સદરહું કેસ આગળ ચલાવવા માંગતા નથી. આક્ષેપિત ગુન્હાની કલમો ધ્યાને લેતાં તે તમામ સમાધાનપાત્ર ગુન્હો છે. તેવા સંજોગોમાં સમાધાન ગ્રાહ્ય રાખી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૨૦(૧)(૮) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૪૧૧, ૧૧૪ મુજબના ગુન્હામાંથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૩** માહે **જુલાઈ**, સને **૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૧૩/૦૭/૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી )**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |